**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

B/107, Harmu Housing Colony,
P. O. Doranda,
P. S. Argora,
Ranchi - 834 012
Ph. : 0651-2244144
e-mail : parimal.nathwani@sansad.nic.in

# દેશમાં અનાજનો પૂરતો ૬.૪૦ કરોડ ટનનો જથ્થો : પંજાબમાં સર્વાધિક ૨.૨૩ કરોડ ટન : અરૂણાચલ પ્રદેશમાં ન્યૂનતમ ૪ હજાર ટન : ઝારખંડમાં ૧.૧૩ લાખ ટન : ગુજરાતમાં ૭.૫૧ લાખ ટન

**૮ ઓગષ્ટ, ૨૦૧૧ :** દેશનાં સરકારી ગોદામોમાં અનાજનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના અનાજ ભંડારોમાં અંદાજે ૨.૬૮ કરોડ ટન ચોખા અને ૩.૭૧ કરોડ ઘઉં મળી કુલ ૬.૪૦ કરોડ ટનનો જથ્થો તા. ૧ જુલાઈ, ૨૦૧૧ના રોજ સંગ્રહ થયેલો છે. કોઈપણ આકસ્મિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે પૂરતો છે. સાંસદ શ્રી પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રાલયનો સ્વતંત્ર હવાલો સંભાળતા પ્રભારી રાજ્ય મંત્રી પ્રો. કે.બી. થોમસે આજે રાજ્ય સભામાં આ માહિતી આપી હતી.

સંસદમાં ઉપરોક્ત ઉત્તરના અનુસંધાને અપાયેલી અન્ય વિગત પ્રમાણે પંજાબમાં સૌથી વધુ ૨.૨૩ કરોડ ટન અને અરૂણાચલ પ્રદેશમાં સૌથી ઓછું ચાર હજાર ટન અનાજનો જથ્થો સરકારી ગોદામોમાં ઉપલબ્ધ છે. ઝારખંડમાં આવો સ્ટોક ૧.૧૩ લાખ ટન છે તો ગુજરાતમાં ૭.૫૧ લાખ ટન છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, છેલ્લાં ત્રણ વર્ષોમાં અને આ વર્ષે પણ ચોખા અને ઘઉંની ખરીદી રેકોર્ડબ્રેક હોવાને કારણે ગોદામોમાં અનાજની સંગ્રહ ક્ષમતા ઓછી પડી હતી. સરકારે કેન્દ્ર અને રાજ્યનાં ગોદામોમાં સંગ્રહ ક્ષમતા વધે તે માટે એક યોજના તૈયાર કરી છે જે દ્વારા દેશનાં ૧૯ રાજ્યોમાં અંદાજે ૧.૫૨ કરોડ ટન ક્ષમતા સુધી અનાજ સમાવી શકાશે.

મંત્રી મહોદયે શ્રી નથવાણીને આ જ વિષય પરના બીજા એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, અગિયારમી પંચવર્ષીય યોજનામાં અનાજ સંગ્રહ માટેનાં ગોદામો બનાવવા માટે ભારતીય અન્ન નિગમ માટે રૂા. ૧૫૪.૮૨ કરોડની રકમ ફાળવવામાં આવી હતી. જેના પરિણામે ૧.૨ લાખ ટન વધારે અનાજ સમાવી શકાશે. તેમણે એમ પણ કહ્યું કે, સરકાર પાસે હાલમાં બંધ ગોદામો ઓછાં હોવાથી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે તેથી અનાજ કેપ ગોડાઉનો (કવર ઍન્ડ પ્લિન્થ)માં અનાજનો સંગ્રહ કરવામાં આવે છે.

મંત્રીશ્રીએ એવું પણ કહ્યું કે, સરકારે તાજેતરમાં બાસમતી સિવાયના ૧૦ લાખ ટન ચોખાની નિકાસ ખાનગી ખાતે કરવાની મંજૂરી આપી છે જો કે તેને કારણે કેન્દ્રીય પુલના જથ્થા ઉપર કોઈ સીધી અસર પડશે નહી. ચોખાનો કેટલોક જથ્થો જે સરકારમાં સ્ટોકમાં આવનાર હતો તેની નિકાસના નિર્ણયને કારણે તેના સંગ્રહની સમસ્યા તેટલા પૂરતી ઓછી થઈ જશે.

★ ★ ★